# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 55 - February 2010 MATRUBHASHA Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૫૫ - ફેબ્રુઆરી ૨૦૧૦ માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## નિવૃત્તિ ધામ
## (Retirement Village)



મોટી જમીન પર બે માળનું કે બેઠા ઘાટનું આઠદશ ઓરડાવાળું ખાસ્સું મોટું મકાન બંધાવો. બેત્રણ દીકરા દીકરી હોય. ઘર ભર્યુંભર્યું લાગે અને પ્રવૃત્તિઓથી ધમધમતું હોય. ધન ઉપાર્જન માટે તમે નોકરી કે ધંધામાં દિવસ રાત મચ્યા રહો. ઘર, ઓફિસ, પરપ્રાંત કે વિદેશની મુસાફરીઓમાં તમારો સમય ક્યાં પસાર થઈ જાય છે તેની પણ તમને ખબર ન રહે. બાળકો ભણવામાં મશગુલ હોય, અને તેમની ઈતરપ્રવૃત્તિઓ, સ્વીમીગ, ડાન્સીગ, સ્પોર્ટસ, મ્યુઝિક, પેઈન્ટીગ વગેરેની દોડધામમાં તમારો બાકીનો સમય ઉપયોગમાં આવી જાય. જોત જોતામાં તમે પચીસમાંથી સાઠ-પાંસઠની ઉમરે પ્હોંચી જાવ. બાળકો ભણીને મોટા થયા, નોકરીએ લાગી ગયા અને પરણીને કે પરણ્યા વગર પણ પોતાનો અલગ સંસાર બનાવવા તમને છોડીને ચાલ્યાં ગયાં.

તમે નોકરી કે ધંધામાંથી નિવૃત્ત થયા. જીવનની રાબેતા મુજબની બધી જ પ્રવૃત્તિઓ એકાએક ગુમ થઈ ગઈ. ન નોકરી કે ધંધો, ન દીકરા-વહુ કે પૌત્રોનો સહવાસ. તમે નવરા થઈ ગયા, એકલા પડી ગયા. ઘર લગભગ ખાલી થઈ ગયું. એ ખાલી ઘર તમને ખાવા ધાય છે ! એ ખાલી ઓરડાઓમાં તમારા બાળકોના કલબલાટ અને ધીગામસ્તીની મીઠી યાદોની સુગંધ હજી પણ છે. પણ હવે તેમાં એ આનંદ નથી રહ્યો. બધું જ સૂનું સૂનું લાગે છે.

મહેમાનો અને મિત્રો અવારનવાર આવતા, પાર્ટીઓ થતી, પૂજા અને હવન થતા, મિટિંગો થતી, ચર્ચાઓ અને વાદવિવાદ થતા, સંગીતની મહેફિલો થતી, સાક્ષરો જ્ઞાનગોષ્ટિ માટે આવતા. એ બધું જ હવે બંધ થઈ ગયું છે. ઘરના એક ઓરડા અને રસોડા પૂરતું તમારું જીવન સિમિત થઈ ગયું છે. ઘરની સાફસુફી કરવાની શરીરમાં તાકાત નથી અને મનમાં ઈચ્છા નથી રહી. ઘરની આગળપાછળના બગીચામાં ફૂલઝાડોની માવજત કરવી દુસ્કર બની ગઈ છે અને તેમાં સતત ઊગ્યા કરતા અડબાઉની સામેની લડત તમને થકવી દે છે.

તમે નિવૃત્ત થયા છો. હવે તમારી પાસે સમય છે. અત્યાર સુધીની જિંદગીમાં જે નથી માણી શકાયું તે બધું જ માણી લેવાનો સમય હવે આવી ગયો છે. મન હજી જુવાન છે, પણ શરીર વૃદ્ધ થયું છે. મનને આનંદપ્રમોદમાં હજી રસ છે, પણ શરીર થાકી ગયું છે. મનને હરવુંફરવું છે, પણ શરીરમાં ચાલવાની તાકાત નથી. મનને ઉછળકૂદ કરવું છે, પણ પગના સાંધા પહેલાં જેટલા સ્વસ્થ નથી. મનને નાટકસીનેમા જોવા છે પણ આંખ અને કાન થાકી જાય છે.

એ સમયે તમને કોઈ એવા સ્વર્ગિય વાતાવરણમાં રહેવા મળે જ્યાં તમારી સરખીસરખા ઉમરના લોકો હોય, તમારા વિચારોને મળતા વિચારોવાળા લોકોનો સહવાસ હોય, તમારી સારસંભાળ લેવા માટે માણસો હોય, સાફસુફીની કડાકૂટ તમારે કરવાની ન હોય, સવાર-બપોર-સાંજનું જમવાનું તૈયાર મળતું હોય, આનંદપ્રમોદના સાધનો હોય, રહેવાની સલામતી હોય અને આ બધી વ્યવસ્થા કરવાની જવાબદારી સંભાળવાવાળા કાબેલ માણસો હોય તો બાકીની જિંદગી આરામથી અને સુખમાં પસાર થઈ જાય.

**એવી સ્વર્ગિય જગ્યા છે 'નિવૃત્તિ ધામ'.**

છેલ્લા બે દાયકાથી ઓસ્ટ્રેલિયામાં આવા નિવૃત્તિ ધામ મોટા પ્રમાણમાં બંધાઈ રહ્યા છે. સોએક મકાનોના ધામથી માંડી અઢીસો કે ત્રણસો મકાનોના ધામ હોય છે. જેમ ધામ મોટા તેમ તેમાં સગવડો પણ વધારે હોય છે. મોટે ભાગે એક કે બે બેડરૂમના મકાનોનું આ સંકુલન હોય છે. તેથી વધારે મોટા મકાનોની જરૂરત પણ શી છે ? મેલબર્ન, સિડની જેવા મોટા શહેરોમાં બહુમાળી મકાનોના નિવૃત્તિ ધામ પણ બંધાયા છે. જ્યાં જેવડી જમીનની સગવડતા.

એવા એક નિવૃત્તિ ધામની અમે હાલમાં મુલાકાત લીધેલી. એક ને બે બેડરૂમના નાના બેઠાઘાટના બંગલાઓનું આ સંકુલન છે. પાંચ વર્ષ પહેલાં બંધાવાનું શરૂ કરેલું. જેમ મકાનો બંધાતા જાય તેમ લોકો રહેવા આવતા જાય. અત્યારે આશરે દોઢસો મકાનો બંધાઈ ગયા છે અને કુલ બસો વીસ મકાનોની આ યોજના છે.

સંકુલનને ફરતી લોઢાની જાળી છે એટલે તેમાં દાખલ થવાનો અને બહાર નીકળવાનો ફક્ત એક જ રસ્તો છે. ત્યાં સિક્યુરિટિ કેમેરા છે જે આવતા જતા વાહનો અને લોકોની નોંધ રાખે છે. આગંતુકે દાખલ થતી વખતે એક રજિસ્ટરમાં નોંધ કરવી પડે પછી જ આગળ જવાય. જો નોંધ કર્યા વગર આગળ વધે તો તરત જ એલાર્મ વાગે.

દરેક મકાન પહેલેથી જ પૂરતી સગવડતાઓ સાથે બાંધવામાં આવે છે એટલે આવનારે પોતાના અંગત સામાન સિવાય બીજું કાંઈ લાવવાની જરૂર ન રહે કે રહેવા આવ્યા પછી મકાનમાં કાંઈ સુધારાવધારા કરવાની જરૂર ન પડે. કીચનમાં સ્ટવ, ફ્રીજ, ડીશવોશર, માઈક્રોવેવ ઓવન વગેરે સાધનો વસાવેલા હોય છે. ઘરમાં ત્રણ સ્થળે એમર્જન્સી બટન છે જે દબાવવાથી મેનેજમેન્ટ તરત જ તેમની મદદે પહોંચી જાય. દરેક ઘરના એન્ટ્રન્સની માસ્ટરકી મેનેજમેન્ટ પાસે હોય છે.

બેકયાર્ડ તો ખૂબ જ નાનો હોય છે તો પણ તેમાં થોડા ફૂલઝાડો વાવેલા હોય છે અને બાકીની જમીન કોંક્રીટ કરેલી હોય છે એટલે બગીચાની માવજતમાં બહુ સમય કે શક્તિ વેડફવાના ના હોય. એક નાનો ટૂલશેડ અને ફોલ્ડીગ વોશીગ લાઈન પણ છે. દરેક મકાનમાં રેઈનવોટર ટેંક અને સોલાર વોટર હીટર પણ ફીટ કરેલા છે. સેટેલાઈટ ટીવીની સગવડ પણ છે. મકાનના બહારના ભાગનું બધુ લેન્ડસ્કેપીગ અને સફાઈનું કામ મેનેજમેન્ટ સંભાળે છે. દર અઠવાડિયે દરેક ઘરનું રબીશબીન લઈ જઈને બહાર રસ્તા પર ગોઠવવામાં આવે છે જ્યાંથી કાઉન્સીલનો ટ્રક રબીશ લઈ જાય છે. આ બધું કામ પણ મેનેજમેન્ટ સંભાળે છે.

અહીં બે લેઈનવાળું બોલીગ ગ્રીન છે. આ રમત ઓસ્ટ્રેલિયામાં નિવૃત્ત વૃદ્ધ લોકોમાં બહુ પ્રચલિત છે કારણ કે આમાં મોટી શારીરિક શક્તિની જરૂર નથી પડતી અને સાથે શરીરને જોઈતો વ્યાયામ મળી રહે. એક નાનું ઈન્ડોર સ્વીમીગ પૂલ છે. એક કમ્યુનિટી સેન્ટર છે. આમાં જનરલ હોલમાં મોટા સ્ક્રીનવાળું ટીવી છે. ઉપરાંત સ્નૂકર, ચેસ, બ્રીજ, ડાર્ટ વગેરે ઈન્ડોર રમતોની સગવડતા છે. એક નાની લાઈબ્રેરી છે જેમાં ઈન્ટરનેટની સવલત પણ છે. આ સેન્ટર વહેલી સવારથી મોડી રાત સુધી ખુલ્લું રહે છે. રહેવાસીઓ તેમની સગવડતાએ અહીં એકબીજાને મળી શકે છે. એક તરફ કોફી મશીન છે. સભ્યો માટે આ કોફી મફત છે.

વધારાની સગવડમાં અહીં એક કેન્ટીન પણ છે જેમાં નાસ્તા ઉપરાંત સવાર, બપોર, સાંજનું જમવાનું મળી શકે છે. જે રહેવાસીઓ પોતાનું રાંધવાને અશક્ત હોય તે નિયમિત જમવાનું બંધાવી શકે છે અને બહુ અશક્ત હોય તો તેમને ઘરમાં પણ જમવાનું પહોંચાડી દેવામાં આવે છે.

દર અઠવાડિયે મેનેજમેન્ટ જુદા જુદા કાર્યક્રમો ગોઠવે છે. દા.ત. નજીકના શોપીગ કોમ્પ્લેક્ષ કે આરએસએલ ક્લબની મુલાકાત, બીન્ગો નાઈટ, ઈન્ડોર રમતનું કોમ્પીટીશન, ડીનરડાન્સ, પીકનીક, સ્નોટ્રીપ, બીચટ્રીપ, મુવીનાઈટ, પીત્ઝા નાઈટ, વગેરે. મતલબ કે ધામમાં રહેતા માણસોને એકલવાયું ન લાગે અને આનંદભર્યું વાતાવરણ રહે તે વિષે પ્રયત્નો મેનેજમેન્ટ કરતું રહે. અને તમે થોડા દિવસો માટે બહારગામ જાવ તો પણ ઘર વિષેની કોઈ ચિંતા તમારે રાખવી ન પડે.

એક વાતની ખાસ નોંધ લીધી. અહીં મંદિર, મસ્જીદ, ગુરુદ્વારા કે ચર્ચ નથી, અહીં સ્વર્ગ મેળવવા માટે પૂજાપાઠ કે ભજનકીર્તન થતા નથી.

**અહીં તો સ્વદેહે સ્વર્ગમાં રહેવાનો લ્હાવો મળી રહે છે.**

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન : **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક : પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
**(Pravin Vaghani)**
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: pvaghani@hotmail.com.

Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**
MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com. and also on www.gav.org.au

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned website.

# ગું જ ન

## ⌘ જ્યાં જ્યાં નજર મારી ઠરે ⌘

**(સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ-કલાપી)**

જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની
આંસુ ભરી એ આંખથી યાદી ઝરે છે આપની !
માશુકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાંત્યાં નિશાની આપની
જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !
તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં છે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !
આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની !
આકાશથી વરસાવતાં જો ખંજરો દુશમન બધા,
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની !
દેખી બુરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની ?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની !
થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાં એ આશના,
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની !
જ્યાં જ્યાં મિલાવે હાથ યારો, ત્યાં મિલાવી હાથને,
અહેશાનથી દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની !
પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર,
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની !
રોઉં ન કાં એ રાહમાં, એ બાકી રહીને એકલો ?
આશકોના રાહની જે રાહદારી આપની !
જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું,
જૂની નવી ના કાંઈ તાજી એક યાદી આપની !
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની !
કિસ્મત કરાવે જે ભૂલો તે ભૂલો કરી નાખું બધી,
છે આખરે તો એકલી ને એજ યાદી આપની !

## પરદેશની ગલીમાં

**પ્રો. સુમન અજમેરી, અમેરિકા**

પરદેશની ગલીમાં રવડી રહ્યો છું ઘાંઘો,
જાણું નહીં મળે ક્યાં, બેચેનને વિસામો ?
દોલતની હાયમાં હું ઓળંગી સાત દરિયા
અટવાય ક્યાં પડયો છું, અવઢવ બધે ઉધામા.
માની ગરથને લીધું સૌ સુખનું ઝરણ છે
નો'તી ખબર જરીકે હૈયે ડૂમે મૂંઝાશે.
વાડાના ઓટલાપે ડૂસકાં ભરતી આહો
કાળજને કોતરે છે, ઊની અગન, નિઃસાસો.
આંસુ અહીં ને ત્યાં યે આંસુ, ઉરે ઉકાળો
ત્રાસી ગયો છું તીખો ભારે ગળી તિખારો !

## ગઝલ ગુજરાતની

**સાંઈરામ દવે**

મેં લખી છે હા હ્રદીને ગઝલ ગુજરાતની,
આ કવિતા આરસી અસલ અણનમ ગુજરાતની.
વિશ્વમાં સૌ દેશ ખૂંદો. ફરી લ્યો રાજ્યો સઘળાં
ક્યાંય મળશે નહીં આ ઝાંખી, નકલ ગુજરાતની.
પ્રેમ, આદર, સત્ય ને સત્કાર ગળથૂથી મહીં
વિશ્વમાં વ્યાપાર સક્ષમ આ નસલ ગુજરાતની.
સ્વાભિમાની, સ્વાવલંબી સૌ નિડર ને મહેનતુ,
શ્રદ્ધાજલથી વિસ્તરી વ્યોમે ફસલ ગુજરાતની.
શત્રુઓ સૌ સાંભળી લ્યો ખબરદારી રાખજો,
શીશ દઈને રોકી દેવાના, કતલ ગુજરાતની.
ડાલામથ્થી ભોમકા મરદોની માતા ગુર્જરી,
કાળજા કોમળ, કસુંબલ છે ખરલ ગુજરાતની.
'સાંઈ'નું ગુજરાત થઈને દીવાદાંડી ઝબૂકશે,
હિંદની કરવટ બદલશે આ અક્કલ ગુજરાતની.
(ડાલામથ્થી = સિંહ જ્યાં છે)

## પ્રશ્ન ?

**પ્રવીણ પટેલ 'શશી' અમેરિકા**

પામશે કંઈક હાથ હલાવ્યે
હસ્તરેખામાં કેમ ગુંચવાય છે ?
માર નિશાન, સામે છે મંજિલ
હાથ જોડી કેમ બેઠો છે ?
બોલ્યો છે તો કરી બતાવ,
વાત વડાં કેમ બનાવે છે ?
પલાળવા નહીં પગ પાણીમાં
તમાશો તીરે કેમ જૂએ છે ?
દુઃખનાં આંસુ થીજવી દે,
શા કાજે અંતર આમળે છે ?
થઈ શકે તો બન રામ,
રાવણરત કેમ રહે છે ?
મળશે નહીં માબાપ બજારે
શા માટે એમને કકળાવે છે ?
રાચવું ગમે સુવાસ અત્તરે,
ચપટીમાં ફૂલ કેમ ચોળે છે ?
ખ્વાબ શમાનાં ને પાછી બીક
પરવાનો શા માટે બને છે ?
ઘર એ જ તો છે સ્વર્ગ
ફાંફાં બહાર કેમ મારે છે ?
જન્મ્યો ત્યારે હતો નિર્દોષ
ખુદ જાતને કેમ છેતરે છે ?
**('કાવ્યધારા'માંથી)**

## મગરનાં આંસુ

એવુંય નથી કે વતન માટે
મને પ્રિત નથી
હું એય જાણું છું કે
અમેરિકા રહેવામાં મારું હિત નથી
ઈચ્છા થાય છે અમેરિકાના
અનુભવો લખું તમને, શું લખું ?
અહીંઆ સંસ્કાર કે
સંસ્કૃતિ સંકલિત નથી.
મને ઘણો થાય છે વતન
છોડયાનો અફસોસ હવે
હિમાલય છોડીને સ્નોના
ઢગલા મેળવવામાં કાંઈ જિત નથી.
અમેરીકન રેપ સોંગ સાંભળીને
કાનને એંઠા કરવાના
અહીં નરસિંહ કે મીરાંના પ્રભાતિયા
કે ભજન સંગિત નથી.
સંતાનોના ઉછેરીકરણનોય
અહીં હોય છે હિસાબકિતાબ,
અહીં ભારતીય માબાપ જેવું
ઉદારીકરણ ગણિત નથી.
બદલાતી ફેશનના નખરા
અહીંઆ હોય છે નિતનવા
સ્ત્રીના બાહ્ય સૌંદર્ય જેવું અહીં
આંતરિક સૌંદર્ય ચકચકિત નથી.
પ્રેમ, વિશ્વાસ અને અનુકુલીન
આધારિત સંબંધો નથી,
ભારતીય સંસ્કૃતિ જેવું
લગ્નજીવન અહીં વ્યવસ્થિત નથી.
દુઃખી થવાની ઘણી જ રીતો
હશે દુનિયામાં, હે પ્રભુ,
મનને મારીને જીવ્યા કરવું
એ સારી રીત નથી.

## હવે શું કરશો ?

જે દેશનો રોટલો ખાવો છે
તેને વખોડવો ઠીક નથી,
વતનને તરછોડી આવ્યા છો
જાતે, હવે રોદણાં રડવા ઠીક નથી.
લો કટના બ્લાઉઝ અને ખુલ્લા
પેટ ગુજરાતમાં જોયા પછી
અમેરિકાની સંસ્કૃતિની
વાતો કરવી ઠીક નથી.
સરસ્વતીમંદિરોમાં જ્યાં
વિદ્યાર્થીનીઓ સલામત નથી,
ત્યાં રોજે સંસ્કારોના
બણગાં ફૂંકવા ઠીક નથી.
બોલીવુડનાં બિભત્સ નૃત્યો
રોજ ટીવી પર જોયા પછી
અમેરીકન રેપ ડાન્સને
ગાળો ભાંડવી ઠીક નથી.
જ્યાં ઘરડાંઘર નીતનવા
બંધાતા હોય ત્યાં,
માબાપોની સેવા કરતા
શ્રવણોની વાત ઠીક નથી.
જે માને તમે તરછોડી
આવ્યા છો, તે હજી ત્યાંજ છે,
પાછા જાવ, કોઈ રોકશે નહીં,
મગરનાં આ આંસુ ઠીક નથી.
(મોકલનારઃ છાયા નથવાણી, લંડન)

## તમારા પ્રેમથી હું મારી જાતને ચાહતી થઈ

ફાધર વાલેસ

મેં એને કહ્યું 'આખી જિંદગીમાં કોઈએ મને કોઈ સુંદર વાત કરી હોય તો તમે હમણાં કહી તે જ છે.' અને હું એ બોલ્યો તે ખરેખર દિલથી, સચ્ચાઈથી, અત્યંત પ્રસન્નતાથી બોલ્યો. કારણ કે એ વાત સાચી હતી અને મારા હૃદયને સ્પર્શી ગઈ હતી.

એણે કહ્યું હતુંઃ

હું નાની હતી ત્યારથી જ હું મારો પોતાનો તિરસ્કાર કરતી હતી. કારણ કે મારી મમ્મીએ મને કહ્યું હતું કે 'તું કાળી છે'. મારું રૂપ ઘણું છે એમ પાછળથી ઘણાએ કહ્યું પણ પહેલેથી જ મારી મમ્મીએ કહ્યું હતું કે હું કાળી છું એટલે હું કાળી છું, ખરાબ છું, એમ મારા મનમાં ઠસી ગયું હતું. એ પહેલી છાપ ક્યારેય ન ગઈ. મારું રૂપ બધા જોતા હતા, ફક્ત હું નહોતી જોતી. પછી ભણવામાં હું ખૂબ હોંશિયાર નીકળી અને ઈનામ ઉપર ઈનામ મને મળવા લાગ્યાં. પણ એની કદર મને પોતાને નહોતી. કારણ કે હું કાળી હતી.

હું મોટી થતી જતી હતી અને મારી બહેનપણીઓ સારાં સારાં કપડાં પહેરવા લાગી હતી. મારે ઘેર તો પૈસાની સગવડ હતી પણ હું જાણી જોઈને સાદાં કપડાં પહેરતી હતી અને કોઈપણ જાતનો શોખ રાખતી નહોતી કારણ કે હું કાળી હતી. હું જાતે સારી નહોતી એટલે સારી દેખાવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે એમ હું માનતી હતી.

કોલેજમાં મારી શક્તિ હજી વધારે ખીલી. દરેક પરીક્ષામાં હું પહેલી આવું, જાતજાતની હરિફાઈઓમાં અને રમતોમાં પણ ઈનામો લાવું. મારી ઊંચાઈ પણ સારી ને બોલવાની આવડત પણ સારી એટલે બધાની નજર મારી તરફ હતી એ હું જોતી. ફક્ત મારી પોતાની નજરમાં હું સારી નહોતી કારણ કે નાનપણથી મારા મનમાં એ અશુભ લઘુતાગ્રંથિ ઘર કરી બેઠી હતી. મને એકવાર કોઈ આંતરરાષ્ટ્રિય સંસ્થા તરફથી ભારતના પ્રતિનિધિ તરીકે એમના ખર્ચે પરદેશ મોકલવામાં આવી. બધાં મારી પ્રશંસા કરતાં. ફક્ત હું નહોતી કરતી કારણ કે મારી પોતાની આગળ હું હલકી હતી.

ને એમાં તમે મારા જીવનમાં આવ્યા. તમારી ઓળખાણ થઈ. પરિચય થયો. તમે એક વખત મળ્યા. બેત્રણ વખત મળ્યા અને મિત્રતા થઈ. હું પહેલાં જોકે માનતી નહોતી. આટલા મોટા માણસ મારામાં રસ લે શી રીતે ? ખાલી ભલા છે એટલે એમ કરતા હશે. મને સારું લગાડવા માટે કરતા હશે. શિષ્ટાચાર પૂરતું કરતા હશે. પણ જેમ સમય વધ્યો અને તમે પાસે ને પાસે રહ્યા તેમ મને ધીરે ધીરે વિશ્વાસ થવા લાગ્યો કે તમારી આગળ હું કંઈક છું. અને તમારી આગળ કંઈક છું એટલે હું ખરેખર કંઈક છું એમ પણ મારા મન ઉપર ઠસવા લાગ્યું. તમે મારી કદર કરો, સાચી કરો, દિલથી કરો એટલે એની અસર મારી ઉપર પડ્યા વગર તો નહીં રહે ને !

હું પહેલેથી જ ખૂબ ધાર્મિક અને ભાગવતમાં માનનારી છું, ને હવે તમારાં પ્રેમ, કદર, માન જોઈને મને ભગવાનનો પ્રેમ પણ દેખાયો છે અને એની સાથે મારું સમાધાન થયું છે એટલે કે મારી સાથે મારું સમાધાન થયું છે. હવે હું પોતે મારી કદર કરતી થઈ. મારી શક્તિ જોઈ. મારું રૂપ સુધ્ધાં સ્વીકાર્યું. હું સારી છું એ જિંદગીમાં પહેલી વખત હું જોતી થઈ, સ્વીકારતી થઈ, અને એ પણ અણીને વખતે થયું. મારા લગ્નની વાત થવા લાગી હતી. મારે લગ્ન નહોતું કરવું કારણ મને મારો પોતાનો તિરસ્કાર હતો. અને કરું તો મને ગમે તેની સાથે કરું. પણ હું સારી નથી પછી સારો છોકરો કેમ મળે ? પણ એ જ અરસામાં તમારા મૂક સહકારથી હું જાગી. તમારા પ્રેમથી મારું સ્વમાન જાગ્યું. તમારી કદરથી હું મારી પોતાની કદર કરતી થઈ. અને આપોઆપ સારો છોકરો મળ્યો, ઉત્તમ મળ્યો. તમે એને સારી રીતે ઓળખો છો એટલે કહેવાની જરૂર નથી. અમારો સંસાર ખૂબ ખૂબ સુખી છે.

મારું જીવન હવે પૂર્ણપણે ખીલ્યું છે કારણ કે હું ખીલી છું. અને હું ખીલી છું તે તમારે લીધે જ ખીલી છું. મારામાં બધી રીતે શક્તિ તો હતી જ. પણ તમે મારા જીવનમાં ન આવ્યા ત્યાં સુધી એ દબાયેલી હતી, સુષુપ્ત હતી, નકામી હતી. તમે આવ્યા અને મારું જીવન બદલાયું. હવે હું સુખી છું. મારા જીવનમાં એને લીધે તમારું કેટલું મોટું સ્થાન છે એ તમને કદાચ ખબર ન હોય એટલે કહું છું. તમે પહેલેથી મારું મૂલ્ય આંક્યું અને હું પોતે જે સ્વીકારતી નહોતી તે તમારા પ્રેમથી, મિત્રતાથી, માનથી મને સમજાવ્યું અને મારી પાસે સ્વીકારાવ્યું એ મોટો ઉપકાર થયો એ હું વિશ્વાસથી કહી શકું કારણ કે હવે હું મારી પોતાની કદર કરતી થઈ છું, મારી પોતાની જાતને ચાહતી થઈ છું અને એ બધું તમારા પ્રતાપે !

એની એ સૌમ્ય, સાચી, હૃદયસ્પર્શી વાત સાંભળીને મેં એને કહ્યું, "મારી જિંદગીમાં મને લોકોએ સુંદર સુંદર વાતો કરી છે, પણ તમે હમણાં કરી એ એમાંની સૌથી સુંદર છે."

## ભગવાન સાથે ઉજાણી

નાનો રાજુ નિશાળેથી આવ્યો, દફતર એક તરફ ફગાવી તે સીધો રસોડામાં તેની મમ્મી પાસે ગયો.

'મમ્મી, ચાલને આજે બગીચામાં ઉજાણી કરવા જઈએ.'

રમીલા વ્હાલથી રાજુને ભેટી પડી. 'બેટા, મારે હજી કેટલા બધા કામ છે ? સાંજની રસોઈ પણ કરવાની છે.'

'તો પછી એમ કર', રાજુએ વિચાર કરી કહ્યું, 'મને કંઈક ખાવાનું આપ. હું બગીચામાં જઈને નાસ્તો કરીશ.'

'બહુ નટખટ છે તું,' રમીલાએ વ્હાલથી ટપલી મારી કહ્યું, 'આજે શું થયું છે તને ?'

તેણે એક ડબરામાં પુરી અને બટેટાનું શાક મૂક્યા અને પાણીની બોટલમાં મસાલા વાળી છાશ ભરી આપી. રાજુએ બંને વસ્તુ તેના બેકપેકમાં મૂકી. અને લહેરથી કૂદકા મારતો બગીચા તરફ ઉપડયો.

'બેટા, સાંચવીને જજે. બગીચામાં બાંકડા પર બેસીને નિરાંતે ખાજે.' રમીલા તેની પાછળ બોલતી રહી, 'સમડી તરાપ ન મારે તેનું ધ્યાન રાખજે'.

બગીચામાં આવી બેસવાની જગ્યા ગોતવા માટે રાજુએ આમતેમ નજર કરી. એક બાંકડા પર એક વયોવૃદ્ધ પુરુષ બેઠો હતો. રાજુ તે તરફ ચાલ્યો. રાજુને આવતો જોઈ વૃદ્ધ પુરુષ જરા એક તરફ ખસ્યો અને રાજુને બેસવા માટે મોકળાશ કરી આપી.

રાજુએ પોતાની બેકપેકમાંથી ડબરો અને બોટલ કાઢીને બાંકડા પર મૂક્યા. ડબરો ખોલીને તે પૂરી ને શાક ખાવાની તૈયારી કરતો હતો ત્યાં તેને વિચાર આવ્યો, 'એકલા એકલા ઉજાણી કરવામાં શું મજા ? કોઈ સાથે હોવું તો જોઈએ ને ?'

તેણે વૃદ્ધ તરફ નજર કરી. તે પણ રાજુને જોઈ રહ્યો હતો, તેના ડબરામાંના પૂરીશાકને જોઈ રહ્યો હતો. વૃદ્ધત્વની બધી નિશાનીઓ તેના ચહેરા પર છવાયેલી હતી. વૃદ્ધના માથા પરના બધા વાળ સફેદ હતા. કપાળ પર અને બંને ગાલો પર કરચલીઓ હતી. આંખો જરા ઊંડી ઉતરી ગઈ હતી. તો પણ તેના ચહેરા પર સુખ, સંતોષ અને આનંદ છવાયેલા હતા.

રાજુએ એક પૂરી પર શાક મૂકી તેના તરફ હાથ લંબાવ્યો. વૃદ્ધે સ્મિત કર્યું. તે સ્મિતમાં બત્રીસી ન હતી. કોઈ ગુફામાં બેચાર સહેલાણીઓ ફરતા હોય તેમ તેના બખોલ જેવા મોઢામાં બેચાર દાંત લટકતા હતા. પણ તે સ્મિતમાં પ્રેમભાવ છલકાતો હતો અને કૃતઘ્નતાની લાગણી હતી. મોઢા પરની કરચલીઓ સાગરના મોજાની જેમ હિલોળા લેતી હતી.

તેણે એક હાથ લાંબો કરી રાજુના હાથમાંથી પૂરીશાક લીધા. બટેટાનું શાક તેણે બીજા હાથે લઈને મોઢામાં મૂક્યું પણ પૂરી તેનાથી ચવાય તેમ ન હતી એટલે તેણે રાજુને પાછી આપી. રાજુ સમજી ગયો, તે હસ્યો. બીજી વખત રાજુએ ફક્ત બટેટાનું શાક વૃદ્ધને આપ્યું. વૃદ્ધે લેતી વખતે પહેલાં કરતાં પણ મોટું સ્મિત કર્યું. સાગરમાં ભરતી આવી હોય તેમ ચહેરા પરની કરચલીઓ ઘુઘવતી હતી.

પછી રાજુએ છાસની બોટલ તેને આપી. વૃદ્ધે મોઢું ઊંચું કરી અધ્ધરથી છાશ મોઢામાં રેડી બે ઘુંટડા પીધી. રાજુ કુતુહલવશ તેને જોઈ રહ્યો. તેના પિતાને આ રીતે પાણી કે છાશ પીતા તેણે કદી જોયા ન હતા. રાજુએ પણ તેનું અનુકરણ કરી તે રીતે અધ્ધરથી છાશ પીવાની કોશિશ કરી પણ તે તેમ કરી શક્યો નહી અને છાશ ઢોળાઈ ગઈ. રાજુ અને વૃદ્ધ બંને જોરજોરથી હસી પડયા.

રાજુએ ડબરો અને બોટલ ફરી બેકપેકમાં મૂકી દીધા. જતાં પહેલાં તે વૃદ્ધને ભેટયો.

વૃદ્ધે પણ પ્રેમભાવથી તેના વાંસા પર હાથ ફેરવ્યો. ઊછળતો કૂદતો રાજુ ઘેર આવ્યો. રાજુના ચહેરા પરનો આનંદ જોઈ રમીલાએ કહ્યું, 'બહુ મજા આવી લાગે છે ઉજાણીમાં. કોની સાથે ઉજાણી કરી ?'

'ભગવાન સાથે.'

'એમ ? કેવા હતા તારા એ ભગવાન ?'

'અસલ્લ દાદાજી જેવા. એવા જ હસમુખા અને તેજસ્વી !'

રમીલાને તેના સસરાની યાદ આવી ગઈ. દાદાજીને રાજુ બહુ વ્હાલો હતો. દરરોજ નિશાળેથી આવે ત્યારે તેને બગીચામાં ફરવા લઈ જતા. સાથે થોડો નાસ્તો રાખતા અને ત્યાં રાજુને ઉજાણી કરાવતા.

આ તરફ વૃદ્ધ પણ ઊઠીને તેને ઘેર ગયો. તેના ચહેરા પરનો આનંદ જોઈને તેની પુત્રવધુ ઉર્વશીથી પૂછ્યા વગર ન રહેવાયું.

‘બાપુજી, આજે બહુ ખુશ છો ? કોઈ મળ્યું હતું બગીચામાં ?’

‘હા બેટા, આજે ભગવાન સાથે ઉજાણી કરી !’

‘એમ ? કેવા હતા તમારા એ ભગવાન ?’

‘અસલ્લ ઠાકોરજી જેવા, બાલગોપાલ સ્વરૂપ. અને તને ખબર છે ? એમને પણ બટેટાનું શાક ભાવે છે.

## અપશુકનિયાળ

એક નાના ગામના રાજાનો નિયમ હતો કે વહેલી સવારે ઘોડા પર બેસી ગામમાં લટાર મારવા નીકળે. તેને જે કોઈ સામે મળે તે ‘રામ, રામ બાપુ’ કહી નમન કરે અને તે ‘જય રામ’ કહી સામો જવાબ આપે, તેની ખબર અંતર પૂછે, થોડી વાતચીત કરી આગળ ચાલે.

આજે સવારે પણ એ જ પ્રમાણે ફરવા નીકળ્યો. સામે એક કઠિયારો મળ્યો. તેણે નમન કરી ‘રામ, રામ, બાપુ’ કહી તેમને નવાજ્યા. રાજાએ ‘જય રામ’ કહી તેના ખબરઅંતર પૂછ્યા.

થોડે દૂર જતાં રસ્તાની બાજુના ઝાંખરામાં કંઈક સળવળાટ થયો તેથી રાજાનો ઘોડો ભડક્યો અને ઊછળવા લાગ્યો. ભડકીને બેકાબુ બનેલો ઘોડો ઊછળકૂદ કરતો આમતેમ દોડવા લાગ્યો અને અંતે એક ખાડામાં પડી ગયો. રાજા ઘોડા પરથી ફેંકાયો અને તેના એક હાથ અને એક પગ પર ઈજા થઈ. રાજાની બૂમો સાંભળી આજુબાજુથી માણસો દોડતા આવ્યા અને તેને ઉપાડીને રાજમહેલમાં લઈ ગયા.

રાજવૈદે આવી તેની સારવાર કરી. જાણ થતાં રાજજ્યોતિષી પણ તેમના ખબરઅંતર પૂછવા આવ્યા. કુતૂહલવશ રાજાએ જ્યોતિષીને પૂછ્યું ‘આમ કેમ બન્યું ? મારી જન્મકુંડળી જોઈને કહો કે મારે માથે આવી કોઈ ઘાત હતી ? હું મરતાં બચી ગયો.’

રાજજ્યોતિષીએ ઝીણવટથી રાજાની જન્મકુંડળી તપાસી. પણ એવી કોઈ ઘાત તેમને દેખાઈ નહી. ઘણો વિચાર કરી તેમણે કહ્યું, ‘મહારાજ, કુંડળીમાં તો એવું કાંઈ બતાવ્યું નથી. પણ એવું બને કે જો વહેલી સવાર બહાર જતી વખતે કોઈ અપશુકન થયા હોય અથવા કોઈ અપશકનિયાળનું મોઢું જોયું હોય તો ન બનવાનું પણ બની જાય.’

રાજાને યાદ આવ્યું કે વહેલી સવારે સૌ પહેલો તેને કઠિયારો મળેલો. તેણે તરત જ કઠિયારાને બોલાવ્યો અને તેને કહ્યું, ‘આજે વહેલી સવારે સૌથી પહેલાં તારું મોઢું જોયું તો મારી આ હાલત થઈ. તારા જેવો અપશુકનિયાળ માણસ મારા રાજમાં ન જોઈએ. હું તને ફાંસીની સજા ફરમાવું છું.’

સાંભળીને કઠિયારો રડવા લાગ્યો અને રાજાને પગે પડી કરગરવા લાગ્યો, ‘મહારાજ, મારો એક ગુન્હો માફ કરી દો. હું ફરીથી કદી આપની સામે નહી આવું. હું મરી જઈશ તો મારા બૈરીછોકરાંનું ભરણપોષણ કોણ કરશે ? મારા ઘરડાં માબાપની સેવા કોણ કરશે ?’

પણ રાજાએ તેની એક પણ વાત પર ધ્યાન ન આપ્યું. તેણે સિપાહીઓને કહ્યું, ‘આને લઈ જાવ અને આજથી સાત દિવસ પછી તેને ફાંસી આપવામાં આવે ત્યાં સુધી જેલમાં જ પૂરી રાખજો જેથી બીજા કોઈને નડે નહી.’

કાયદા પ્રમાણે સાત દિવસ પછી ફાંસી આપવાની હતી. તે દિવસો દરમિયાન રાજા તો સાજો થઈ હરતોફરતો થઈ ગયો. પણ કઠિયારો જેલમાં રહ્યો. કઠિયારાની પત્ની તેના બે બાળકોને લઈ દરરોજ મળવા આવતી. પતિની હાલત જોઈ તે રડી પડતી. પછી રાજદરબારમાં જઈ પોતાના પતિને છોડી મૂકવા માટે રાજાને કાકલુદી કરતી. પણ તેની કાકલુદીની કોઈ અસર રાજા પર થઈ નહી.

ફાંસી આપતી વખતે કઠિયારાને પૂછવામાં આવ્યું, ‘તારી કોઈ છેલ્લી ઈચ્છા છે ? તો કહી દે. તને છોડી મૂકવા સિવાય કોઈપણ ઈચ્છા પૂર્ણ કરવામાં આવશે.

કઠિયારાએ કહ્યું કે મહારાજને એકાંતમાં મળી થોડી વાતચીત કરવાની તેની ઈચ્છા છે. માગણી વિચિત્ર હતી તો પણ રાજા તેને મળવા આવ્યો, ‘બોલ, તારે શું કહેવું છે ?’

કઠિયારાએ રાજાને નમન કરીને કહ્યું, ‘મહારાજ, એ વાત સાચી કે તે દિવસે વહેલી સવારે આપે મારું મોઢું જોયું હતું અને જ્યોતીષીના કહેવા પ્રમાણે તેને કારણે જ આપના હાથપગને ઈજા થયેલી ?’

‘હા, એ વાત તો બિલકુલ સાચી છે. તારા જેવા અપશુકનિયાળને જીવતો રહેવા દઉં તો પ્રજા પ્રત્યેના મારા કર્તવ્યમાં ઉણપ રહે.’

‘આપ તો હવે બિલકુલ સાજા થઈ ગયા છો એટલે અપશુકનની અસર તો દૂર થઈ ગઈ કહેવાય.’

‘હા, રાજવૈદ્ય ખૂબ જ કાબેલ માણસ છે. તેમની સારવારથી હું બિલકુલ સાજો થઈ ગયો છું’

થોડીવાર ચૂપ રહી પછી કઠિયારો બોલ્યો, ‘તે દિવસે સવારે પહેલવહેલું મેં આપનું મોઢું જોયેલું તો મને ફાંસીની સજા થઈ. એ અપશુકનની અસર હજી દૂર થઈ નથી અને આજે મને ફાંસી આપવામાં આવશે. હું મરી જઈશ પછી મારાં બૈરીછોકરાં નોધારા થઈ જશે. એમનું ભરણપોષણ કોણ કરશે ? મારાં ઘરડાં માબાપની સેવા કરનારું કોઈ નહી રહે. હવે આપ જ ન્યાય કરો કે આપણા બેમાં વધારે અપશુકનિયાળ કોણ છે ?’

## ખુશામત, પ્રશંસા, કિર્તી

**કાન્તિ ભટ્ટ, ગુજરાત**

આ જગતમાં ખુશામત કરનારા, મીઠું બોલનારા ઘણા છે. તમે થોડા ધનિક હો અને સત્તાવાળા હો તો તમારી આજુબાજુ મધમાખીની જેમ આ મીઠું બોલનારા બણબણ્યા કરશે. કડવું કહેનારા અને સત્ય કહેનારા બહુ ઓછા હોય છે. આપણને વખાણ સાંભળવા જ ગમે છે. પણ બધા જ લોકો વખાણ કરતા હોય ત્યારે ચેતવા જેવું છે. મીઠું બોલનારાઓ ક્યારે ડંખ મારશે તે કહેવાય નહી. એકધારી પ્રશંસા તમને બગાડે છે. જ્યારે તમામ લોકો તમને પ્રશંસાથી ઘેરી લે ત્યારે સમજવું કે તમારું પતન થવાની શક્યતા છે અથવા તો થઈ ચૂક્યું છે. કડવી દવા શરીર માટે ઉપયોગી છે તેમ કોઈ ટીકા કરે તે મન માટે જરૂરી છે.

બીજા લોકો તમારા વખાણ કરે તેમ ઈચ્છતા હો તો કદી જ તમારાં વખાણ જાતે કરતા નહી. એ પ્રકારે તમારી ટીકા કારણ વગર થતી હોય કે તમે નિર્દોષ હો છતાં ખોટા આક્ષેપ થતા હોય ત્યારે બચાવ કરવાને બદલે ચૂપ રહેજો. તમે માત્ર ચૂપકીદી ધારણ કરીને શ્રેષ્ઠ વિરોધ નોંધાવી શકો છો.

વખાણની લપેટમાં આવી જવું બહુ સહેલું છે. પણ જ્યારે તમે પ્રશંસાના વ્યસની થઈ જશો ત્યારે બાહ્ય વખાણ ઉપર જ તમારું જીવન અવલંબિત રહેશે. તમારા સુખની ચાવી બીજાની પેટીમાં ચાલી જશે. વળી તમે પ્રશંસાને પાત્ર ન હોવા છતાં પ્રશંસા થતી હોય તે તો બહુ ખતરનાક છે. એ તો એક જાતનો કટાક્ષ છે અને જ્યારે તમારા માટે તાળીઓ પાડવા માંડે ત્યારે ધ્યાન રાખજો કે એજ તાળીઓ પાડનારા હાથ તમારા ગાલ ઉપર આવી પડશે.

કીર્તિ મેળવવી સહેલી નથી. કોઈપણ સિદ્ધિ માટે અથાક મહેનત કરવી પડે છે. અને કીર્તિ મેળવ્યા પછી તેને જાળવી રાખવી ઓર વધુ મહેનત કરવી પડે છે. એટલે જે લોકોને કીર્તિ મળી હોય કે નામના મળી હોય તેમના શબ્દકોશમાં આરામ નામનો કોઈ શબ્દ રહેતો નથી. તેમણે અવિરતપણે મહેનત કરવી પડે છે. કીર્તિ હોય છે ત્યાં આરામ હોતો નથી. મુશ્કેલીઓ હોય છે પણ તે ટપી જવા માટે હોય છે. મુશ્કેલીઓને ટપી જવા માટે મહેનત કરવી પડે છે. વળી, કામ કર્યા વગર બેસી રહીને કીર્તિ મેળવવી મુશ્કેલ છે. કામ વગર બેસવાનો વિચાર જ શું કામ ? અતિ ઉચ્ચ ચારિત્ર્યવાન લોકો જ કામ વગર બેસી શકે છે કારણ તેમની દુનિયા સપનાની દુનિયા હોય છે. પણ આપણા જેવાએ તો અવિરત કામમાં મંડ્યા રહેવું જોઈએ.

ગમે તે ભોગે સફળતા મેળવીને મોટાઈ બતાવવામાં કોઈ અર્થ નથી. બીજાને કચડીને કે અન્યાય કરીને ઊંચા આવવામાં કોઈ ગૌરવ નથી. રાતદિવસ મહેનત કરીને અને શરીરને બરબાદ કરીને સફળ થવામાં તમારી જાતને પણ અન્યાય કરો છો. જે માણસ માત્ર સફળ થવા માટે જ કામ કરે છે અને આનંદપ્રમોદ માટે સમય મેળવતો નથી તે માણસે બીમાર પડીને સમય મેળવવો પડે છે. આ પ્રમાણે બીમાર પડીને સફળ થવા કરતાં તંદુરસ્ત અને નૈતિક બની રહીને નિષ્ફળ રહેવું સારું. માનવી સફળ બનવામાં હેવાનબની જાય છે ખોટું છે. દરેક માનવીએ સફળ માનવી નહિ પણ મૂલ્યવાન માનવી બનવાની કોશિશ કરવી જોઈએ.

**(સાભારઃ પ્રેરણાની પળોમાં)**

## વિશ્વભરમાં અજોડ ગણાતું ગુજરાતનું હવેલી સ્થાપત્ય

**જોરાવરસિંહ જાદવ, ગુજરાત**

મોગરાની મહેક જેવી લોકવાણીની મીતાક્ષરી કહેવત માનવીની સૌંદર્યદૃષ્ટિની કેવી સરસ મજાની વાત કહી જાય છે - "લીપ્યું ને ગોપ્યું ઘર શોભે ને પહેરી-ઓઢી નાર શોભે."

ઘરના પ્રસન્ન સૌંદર્યની પરાકાષ્ઠા દર્શાવવા માટે આ લોકોક્તિમાં ઘરની તુલના ભાતીગળ વસ્ત્રાલંકારોથી શોભતી સુંદરીના રૂપ-સૌંદર્ય સાથે કરવામાં આવી છે. સંસ્કૃત 'ગૃહ' પરથી ઊતરી આવેલ 'ઘર' શબ્દનો અર્થ "હવાપાણી, ટાઢ, તડકો, વરસાદ અને દુશમનથી બચાવ થાય" એવું રહેવાનું ઠેકાણું. ઋગ્વેદાદિ વૈદિક સાહિત્યમાં ઘર માટે આવાસ, ગૃહ, સદન, દુરોણ, વેશ્મ, શાલા, હર્મ્ય, પ્રાસાદ, અટ્ટ, સૌધમ, શરણ, વગેરે શબ્દો પ્રયોજાયા છે. 'ગૃહ' સાધારણ રીતે ચાર દિવાલો વચ્ચે રહેવાની જગ્યાને કહેવામાં આવતું. મધ્યમશ્રેણીના ઘરોને 'શાલા' કે 'વેશ્મ', બે કે ત્રણ મજલાના આવાસોને 'પ્રાસાદ' કે 'અટ્ટ' અને અનેક મજલાંના સુંદર વિશાળ ભવનોને 'સહ્ગનસ્થૂણ' કે 'બૃહત્માન' કહેવામાં આવતાં. ઋગ્વેદમાં એક સ્થળે ઘરની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે જેમાં પરિવાર અને તેનાં પશુ એક સાથે રહેતાં હોય તેને 'ગૃહ' કહેવામાં આવે છે.

આદિમાનવની ચીતરેલી ગુફાઓ, કચ્છી રબારીના ભુંગાઓ કે ભારતીય રાજવીઓના મનોહર શીલ્પોથી શોભતા રાજમહાલયોની નહી પણ વિશ્વભરમાં અજોડ ગણાતી ગુજરાતની હવેલીઓ અને એના અનુપમ સ્થાપત્યની રસપ્રદ વાતો છે.

ગુજરાતમાં અલંકારપૂર્ણ કાષ્ઠસ્થાપત્યનો પ્રારંભ લગભગ ૧૨મી સદીમાં થયો અને ૧૫મી સદી સુધીમાં તેનો વિકાસ ચરમસીમાએ પહોંચ્યો. ઘરો અને હવેલીઓ બનાવવાની આ પરંપરા ૧૯મી સદી સુધી ચાલતી રહી. તેની ફલશ્રુતિ રૂપે ગુજરાતના અનેક ગામો અને નગરોમાં કાષ્ઠ કોતરણીથી સમૃદ્ધ એવાં અનેક મકાનો, હવેલીઓ, મહેલો અને મંદિરોની રચના થઈ. જેમાં જૂનામાં જૂના ૪૨૫ વર્ષો પહેલાંના નમૂના પ્રાપ્ત થાય છે. પાટણ, સિદ્ધપુર, અમદાવાદ, ઈડર, નડિયાદ, ખંભાત, સુરત, ભરૂચ, પ્રભાસપાટણ, જૂનાગઢ, જામનગર, ઘોઘા, વગેરે ગુજરાતની કાષ્ઠકલા સમૃદ્ધિનાં મહત્વનાં કેન્દ્રો હતાં.

કાષ્ઠસ્થાપત્યને લગતી એક સુંદર રચના શિલ્પી નકુલના પુત્ર મલ્લની મળે છે. ૩૦૪ શ્લોકમાં રચાયેલ 'પ્રમાણમંજરી' ગ્રંથની રચના ૧૩મી સદીની હોવાનું મનાય છે. આમાં દર્શાવેલા કાષ્ઠનિર્મિત 'હર્મ્યભવન'નાં આ લક્ષણોમાંથી મોટા ભાગનાં લક્ષણો ગુજરાતનાં હવેલી સ્થાપત્યમાં જોવા મળે છે. ૧૯મી સદીના અંત સુધી ગુજરાતમાં હવેલીઓની રચના થતી રહી. શ્રી વી. એસ. પ્રમાર નોંધે છે કે હવેલી કુટુંબના મોભા, ગૌરવ અને વૈભવનું પ્રતિક ગણાતી. ગુજરાતી સાહિત્ય અને લોકવાર્તાઓમાં 'નગરશેઠની હવેલી' જેવા શબ્દો રૂઢ થયેલા જોવા મળે છે. સમાજના મધ્યમવર્ગ, ઉચ્ચ મધ્યમવર્ગ અને ઉપલા સ્તરના લોકો, વેપારીઓ, શ્રેષ્ઠીઓ, ધર્માચાર્યો સર્વે હવેલી નામે ઓળખાતાં આવાસને વિશિષ્ટ સ્થાપત્યકીય આયોજન અનુસાર તૈયાર કરાવતાં અને પોતાની શક્તિ કે સમૃદ્ધિ મુજબ ઉત્તમ કાષ્ઠ કોતરણીથી તેની સજાવટ કરાવતાં. આવી શ્રેષ્ઠ સ્થાપત્ય કળા ધરાવતી હવેલીઓમાં વડોદરામાં સુરેશ્વર દેસાઈની, હરિભક્તિ કુટુંબની તથા લલ્લુ બહાદુરની હવેલી, અમદાવાદમાં શાંતિદાસ ઝવેરીની હવેલી તથા દોશીવાડા પોળની અને ફતાસાપોળની હવેલી, દિવેટિયાની હવેલી, ટંકશાળની હવેલી, સારાભાઈની હવેલી, વગેરે છે. ભરૂચમાં લલ્લુભાઈ અને ભિખારીદાસની હવેલી છે.

'ગુજરાતનું કાષ્ઠ સ્થાપત્ય' લેખમાં શ્રી નાણાવટી અને શ્રી ઢાંકીએ હવેલી સ્થાપત્ય આયોજન અંગે વિગતપૂર્ણ માહિતી આપી છે. ગુજરાતમાં આ પરંપરાગત હવેલી સ્થાપત્યમાં સામાન્ય રીતે ભોંયતળીયું તથા એક કે બે માળ સુધીની રચના જોવા મળે છે. તેમાં એક સંયુક્ત કુટુંબની જરૂરિયાતને લક્ષમાં લઈ ખડકી, વરંડો, પ્રવેશદ્વાર, તેની ઉપર માઢ કે ઝરૂખો, ચોક, ઓસરી, પરસાળ, ચોકની એક તરફ દીવાનખંડ કે વેપાર ધંધા માટેનું કેન્દ્ર, મહેમાનખંડ, સામેની તરફના ભાગમાં સૂવાના ઓરડા, તથા ત્રીજી તરફ રસોડું, પાણીયારું, પૂજાની ઓરડી વગેરે સગવડોનો સમાવેશ કરવામાં આવતો. ચોકની વચ્ચે પાણીનું ટાંકુ, જેમાં આખા વર્ષ માટે ઉપયોગમાં લઈ શકાય તે માટે વરસાદનું પાણી સંગ્રહવામાં આવતું, અથવા કૂવો બનાવવામાં આવતો. હવેલીની આગળની ઓસરીમાં મેડી ઉપર જવા માટે મોટો દાદરો રાખવામાં આવતો અને અંદરના ઓરડામાં ઉપર જવા માટે નાની સાંકડી સીડી ગોઠવવામાં આવતી, જેનો ઉપયોગ મુખ્યત્વે સ્ત્રીવર્ગ દ્વારા કરવામાં આવતો.

આવી હવેલીઓમાં પ્રવેશવા માટે પ્રથમ રાજમાર્ગ પરથી પોળ કે શેરીની ડહેલીમાં કે ખડકીમાં પ્રવેશવું પડે છે. ડેલીના કલાત્મક દ્વારેથી હવેલીમાં પ્રવેશીએ જ્યાં મોટે ભાગે દૂધાળાં ઢોર બાંધવામાં આવતાં. ઓસરીની ભીત તરફ જતાં બે ઓરડાની રચના જોવા મળે છે જેનાં પ્રવેશદ્વાર તથા બારીઓ ઓસરીમાં પડે છે. આ દ્વારની ભીતના ગાળામાં 'ઘોડાગર્ભ' તરીકે ઓળખાતા ભાગમાં વાંકા ચરણવાળા સુંદર અશ્વોનું રૂપાળું કંડારકામ જોવા મળે છે. હવેલીના ખંડોમાં પ્રવેશતાં તેમાં બે દિશામાં જાળીવાળી નાની બારીઓ જોવા મળે છે.

હવેલી સ્થાપત્યના શોધનિબંધમાં ડો. પ્રમાર નોંધે છે કે હવેલીઓ હંમેશાં ખડકી કે પોળની અંદર રાખવામાં આવતી. આથી મુખ્ય માર્ગથી તે દૂર રહેતી. ગુજરાતની નાની મોટી હવેલીઓના આયોજનમાં કુટુંબની જરૂરિયાત અને વૈભવ પ્રમાણે સગવડોની જોગવાઈ જોગવાતી. હવેલીની દીવાલો ઈંટ-ચૂનાની બનતી એ સિવાય એનું સમગ્ર માળખું કાષ્ઠના બનેલા સ્તંભો, મોભ, પાટડા, ભારોટ, પાટડી, ઝરૂખા વગેરે પર નભેલું રહેતું. હવેલીનાં અંદરનાં સ્તંભો, અર્ધસ્તંભોનાં શરા-ભરણી, લૂબિકા, ફાલના વગેરે ભાગોને અનેક પ્રકારની ભૌમિતિક આકૃતીઓ અને ફૂલવેલની ભાતોવાળી કલાત્મક કાષ્ઠકોતરણીથી અલંકૃત કરવામાં આવતાં.

ગુજરાતના હવેલી સ્થાપત્ય અને કાષ્ઠકલાના વિકાસમાં ધર્મસંપ્રદાયોનું પ્રદાન પણ ઉલ્લેખનીય છે એમ જણાવીને શ્રી કીરીટકુમાર દવે નોંધે છે કે ૧૯મી સદીના પૂર્વાર્ધમાં વિકસેલા શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો માટે મૂળી, વડતાલ, ભૂજ, ધોલેરા, જેતલપુર, ગઢડા અને અમદાવાદના મંદિરોના પ્રાંગણોમાં એકથી ત્રણ માળવાળા હવેલી આવાસોની રચના જોવા મળે છે. ધોલેરા, વડતાલ અને મૂળીમાં "બાઈઓની હવેલી" આવેલી છે. હવેલીઓને બનાવવા અને સુશોભિત કરવા કારીગરોએ પોતાનું સમગ્ર કૌશલ રેડી દીધું હોય તેવી પ્રતિતી થયા વગર રહેતી નથી. આવી હવેલીઓ બનાવવા માટે સ્પર્ધા પણ થતી. પરિણામે ભારતમાં જ નહી પણ વિશ્વભરના કોઈપણ દેશમાં ગુજરાતનાં હવેલી કાષ્ઠશિલ્પની તોલે આવે એવું હવેલી શિલ્પ જોવા મળતું નથી.

**(સાભારઃ 'વિશ્વમેળો'માંથી)**

## મૌનનો કલરવ

**આશિષ મહેતા, ગુજરાત**

આકાશના શાશ્વતપણાથી અને એકધારાપણાથી એને કંટાળો આવે છે. તેથી વાદળોની અવરજવર શરૂ થાય છે. વાદળોથી કંટાળી મેઘધનુષ રચાય છે. આકાશ આમ તો ઋતુઓથી પર ખરું પરંતુ માણસ ઋતુઓથી પર નથી. પ્રત્યેક ઋતુની સાથે આકાશને 'અફેર' હોય છે. પવનની લહેરો જ્યારે ફૂલોને રમાડે છે ત્યારે આકાશ હરખાઈ જાય છે. કેસૂડાંના લાલ રંગને તે અદેખાઈથી ન દેખતાં સાંજે પોતાનો રંગ લાલ કરી લે છે. કૃષ્ણનો રંગ દેખતાં તે પોતાનો રંગ કાળો કરી લે છે. આ રંગોની સમસ્યાથી મુક્ત થઈ તે મૈત્રી કરી બેસે છે પક્ષીઓ સાથે. આકાશમાં વિહરતા પક્ષીઓ સિવાય અવકાશની કલ્પના કરવી મુશકેલ છે. પોતે નિરાધાર હોવા છતાં પૃથ્વીને ટેકો આપે છે. પક્ષીઓને વિહરવા માટે બગીચાની વ્યવસ્થા પણ પૂરી પાડે છે.

પક્ષીઓને હજી સુધી મૌનવ્રત લેતાં સાંભળ્યાં નથી. તેઓ આખો દિવસ કલરવ કરે છે. પરંતુ તે કલરવથી આકાશ હજુ કંટાળ્યું નથી. દિવસ દરમિયાન સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે આ કલરવ સાંભળવાનો લ્હાવો મળે છે. આવી એ સંગીતમય ઘટનાઓ વચ્ચે સતત બોલતો માણસ જો કલરવ સાંભળવાના બહાને પણ ચૂપ રહે તો જ તેના બોલવાની સાર્થકતા છે. દરેક મહાન માણસે મૌનનો મહિમા ગાયો છે. મૌનનો મહિમા ગાતાં કાર્લઈલે લખ્યું છે, ' ક્યારેક કહેવાયેલું કે કહેવાને યોગ્ય એવું કોઈ પણ ભાષણ મૌનની તુલનામાં નથી'.

આ મૌનનો સંબંધ પણ ચેતના સાથે હોય છે. પથ્થર પણ સમગ્ર જીવન દરમિયાન મૌન પાળે છે પણ તેને હજુ સ્થિતપ્રજ્ઞનો દરજ્જો મળ્યો નથી. પથ્થર પણ ખડક સાથે સંકળાયેલો છે. ખડક નિર્જીવ ખરો પરંતુ તેની પર ઊગતું તૃણ તેની સજીવતાનો પુરાવો છે. તેમાંથી વહેતું ઝરણું તેની અંદર રહેલા સંગીતની ઝાંખી છે.

વ્યક્તિ જાણતી હોય કે જાણતી ન હોય પરંતુ મૌન એક ઔષધ છે. રોજ રોજ બોલતાં બોલતાં જો એક એવી ક્ષણ દરમિયાન આપણે મૌન રહીએ તો શું ખોટું છે ? મૌનના માત્ર ભૌતિક લાભ જ નથી.

**(અનુસંધાન પાના ૭ પર)**



## અંતરનું દુઃખ

જય ગજ્જર, કેનેડા

સવારના પહોરમાં ફોનની ઘંટડી રણકતાં વૃદ્ધાશ્રમમાં રહેતી કેથીએ ફોન ઉપાડ્યો.

"હેપી બર્થ ડે" નીચે વેઈટીંગ રૂમમાંથી સામેથી આવતો અવાજ પારખી ગઈ એટલે કંઈ બોલી ન શકી. જે દીકરાએ વીસ વર્ષથી કદી પત્ર નથી લખ્યો, કદી ફોન નથી કર્યો, કદી વૃદ્ધાશ્રમમાં મળવા નથી આવ્યો, જીવું છું કે મરી ગઈ છું એ જાણવાની દરકાર પણ નથી કરી, એનો ફોન ?

ઓળખી ન શકી હોય એમ કેથીએ આશ્ચર્યથી પૂછ્યું, 'કોણ બોલે છે ? કોનું કામ છે ?'

"મમ, મને ન ઓળખ્યો ? હું તમારો લાડકો દીકરો જેરી."

કેથીને ઘડીભર તો ફોન મૂકી દેવાનું મન થયું. પણ માના અંતરમને એને તેમ કરતાં રોકી.

"બોલ જેરી, શું કામ હતું ?"

"લીસા, તમારી પ્યારી પૌત્રી, ટોરન્ટો યુનિવર્સિટીમાં એમ. કોમ.માં ફર્સ્ટ ક્લાસ પાસ થઈ છે. કાલ સવારે તેના બોયફ્રેન્ડ પીટર સાથે તેના ચર્ચમાં લગ્ન છે. બધું જ ઝડપથી ગોઠવાઈ ગયું છે. પણ એકાએક આજ સવારથી લગ્ન કરવાની ના પાડે છે."

"કેમ ?" કેથીથી પૂછાઈ ગયું.

"એ જીદ લઈને બેઠી છે કે ગ્રાન્ડમા મને હસતે મોઢે આશીર્વાદ આપવા આવે તો જ હું લગ્ન કરું."

"એ હજુ મને યાદ કરે છે ખરી ?"

"હા, એના રૂમમાં હજુય તમારો ફોટો છે. તમને યાદ કરી, પગે લાગીને જ એ ઘરની બહાર નીકળે છે."

"તો વીસ વર્ષમાં કદીય મને મળવા કેમ ન આવી ?"

"એને ખબર જ નહોતી કે તમે ક્યાં છો ?"

"તો એને કદી વાત નહોતી કરી ?"

"અમે એનાથી એ સત્ય છૂપાવ્યું હતું કે તમને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યાં છીએ. આજ સાચું જ કહીશ, મમ્મી, તમને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો તે દિવસે સ્કૂલમાંથી આવી ત્યારે લીસા ખૂબ રડેલી. 'મારે ગ્રાન્ડમા પાસે જવું છે' એવી જીદ કરેલી. એની મમ્મીએ સત્ય છૂપાવી વ્હાલથી એને સમજાવેલી કે ગ્રાન્ડમા સંસારનો ત્યાગ કરી, સાધવી બની, દૂર દૂર કોઈ સેવાશ્રમમાં ચાલ્યાં ગયાં છે. હવે કદી પાછાં નથી આવવાનાં. એ સાંભળી એણે ઘણા સવાલો કરેલા. એના બધા જ સવાલોના એની મમ્મીએ ઉડાઉ જવાબો આપી, તમાચો મારી એને ચૂપ કરી દીધેલી. ત્રણ દિવસ ખાધાપીધા વિના એની રૂમમાં પડી રહેલી. બહુ સમજાવી ત્યારે નીચે આવી હતી. જાતજાતનાં રમકડાં લાવી એની મમ્મી એનું મન બીજે દોરતી રહી. સમય થતાં એ એની મમ્મીનો આશય સમજી જતાં ચૂપ થઈ ગઈ.'

"તો પછી આજે કેમ હું યાદ આવી ?"

"આજે સવારે 'ટોરન્ટો સ્ટાર'માં 'વૃદ્ધાશ્રમની શ્રેષ્ઠ સેવિકા'નો તમને એવોર્ડ મળતાં તમારા વિષે છપાયું છે. તમારા ફોટા નીચે તમારું નામ 'કેથી આર. ક્લાર્ક' તેણે વાંચ્યું એટલે દોડતી મારી પાસે આવી મને સવાલ કર્યો, 'સાચું જ કહેજો, આ દાદીમા જ છે ને ?' હું કેવી રીતે નકારી શકું. ? મેં હા પાડી. એણે તમારા આશીર્વાદ મેળવવા તમને ઘેર બોલાવવાની જીદ પકડી છે એટલે તમને લેવા આવ્યો છું."

"લીસાની જીદ છે તો હું તારી સાથે આવું છું." કહી કશી અનાકાની વિના કબાટમાંથી એક ભેટ પર્સમાં મૂકી કેથી નીચે આવી જેરી સાથે ચાલી નીકળી.

લીસાને મળી એને ભેટી પર્સમાંથી નેકલેસ કાઢી લીસાને આપતાં કહ્યું, "બેટા, આ નેકલેસ તારા દાદાએ મને આપેલો, આજે તને આપું છું. સાથે એક વચન માંગું છું. તારા વરને ખૂબ જ સુખ આપજે, એ સાથે તારા સાસુ-સસરાની સદા સેવા કરી હંમેશાં ખુશીમાં રાખજે. તારી મમ્મીની જેમ તેમને વૃદ્ધાશ્રમમાં ના ધકેલી દેતી."

લીસા રડી પડી. દાદીમાને ભેટી એ બોલી, "દાદીમા, તમારું વાક્ય હું જિંદગીભર મારા જીવનનું ધ્યેય બનાવીશ. પણ તમે હવે અહીં જ રહી જાઓ, ખરું ને મમ્મી ?"

લીસાની મમ્મી શેલીને શું કહેવું તે સમજાયું નહિ. પશ્ચાતાપનાં આંસુ આવતાં એ કેથીને પગે લાગી અને બોલી, "હા બા, લીસાની વાત સાચી છે, હવે તમારે અહીં અમારે ઘેર જ રહેવાનું છે."

કેથી ગળગળી થઈ ગઈ. મન પીગળી જવાની તૈયારીમાં હતું તો પણ તેને કઠણ કરી તે બોલી, "શેલી, તમારા સૌની ભાવના હું સમજી શકું છું. પણ તારા અને જેરીના જીવનમાં આ ઉંમરે મારે ભારરૂપ નથી બનવું. મારું સુખ, મારું સ્થાન હવે આ વૃદ્ધાશ્રમમાં જ છે. લીસા એને ઘેર જશે, હું મારે ઘેર જઈશ. તમે બંને તમારે ઘેર સુખેથી રહેજો અને સુખમાં તમારી જિંદગી માણજો."

પરિસ્થિતિ સમજી જતાં જેરી બોલ્યો, "મમ્મી, તમને હું રોકીશ નહીં. જેવી તમારી મરજી. લીસાને આશીર્વાદ આપવા આવ્યા અને અમારા સૌની મહેચ્છાઓ પૂરી કરી એની અમે ધન્યતા અનુભવીએ છીએ."

ત્રણેયને અને પીટરને આશીર્વાદ આપી, ભૂતકાળ યાદ કરતાં, કેથીએ અંતરનાં દુઃખને છૂપાવી ચૂપચાપ વૃદ્ધાશ્રમની વાટ પકડી.

**(સાભારઃ 'વિશ્વમેળો'માંથી)**

## રાજેન્દ્ર કેશવલાલ શાહ
### (૨૮-૦૧-૧૯ થી ૦૩-૦૧-૨૦૧૩)

ગુજરાતના માનીતા અને લોકપ્રિય કવિ શ્રી રાજેન્દ્ર કેશવલાલ શાહનો જન્મ તા. ૨૮ જાન્યુઆરી ૧૯૧૩ના રોજ કપડવંજમાં થયો હતો. તેમણે ગુજરાતીમાં અનેક લોકપ્રિય કાવ્યો લખ્યા છે. તેમના કાવ્યો અનેક વિષયોને સ્પર્શીને લખાયા છે, જેમ કે દેશભક્તિ, દૈનિક પ્રવ‌ૃત્તિઓ, પ્રેમ, ભજનો, સૃષ્ટિ સૌંદર્ય, માછીમારો અને તેમના સામાજીક જીવન વિષે, વગેરે. શ્રી રવીન્દ્રનાથ ટાગોરના તેઓ અત્યંત પ્રસંશક હતા અને તેની અસર તેમના કાવ્યોમાં સંસ્કૃત ભાષાના શબ્દોના ઉપયોગ દ્વારા દેખાઈ આવે છે.



તેમના ૨૦ ઉપરાંત કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ થયાં છે. કાવ્યસંગ્રહોના નામ છે - ધ્વનિ, આંદોલન, શ્રુતિ, મોરપીછ, શાંત કોલાહલ, ચીત્રણા, ક્ષણ જે ચીરંતન, વિશ્વને સાદ, મધ્યમાં, ઉદ્‌ગીતી, ઈક્ષાના, પત્રલેખા, પ્રસન્ન સપ્તક, વિભાવન, પાંચ પર્વ, દ્વાસુપમા, ચંદન ભીની. અનામિક અને આરણ્યક.

તેમના કાવ્યના શોખને આગળ વધારવા તેમણે મુંબઈમાં એક છાપખાનું સ્થાપી ત્યાંથી 'કાવ્યલોક' નામનું કવિતાઓનું સામયીક પ્રસિદ્ધ કરવાનું શરૂ કરેલું. તેમનું છાપખાનું નવોદિત ગુજરાતી કવિઓના મિલન સ્થળ તરીકે પ્રખ્યાત થયેલું.

પોતાના કાવ્યો લખવા ઉપરાંત તેમણે બીજાના પ્રખ્યાત કાવ્યસંગ્રહોના ગુજરાતી કાવ્યોમાં અનુવાદ કર્યા છે. તેમાં નોંધપાત્ર છે - રવીન્દ્રનાથ ટાગોરનું 'બાલાકા', જયદેવનું 'ગીત ગોવિન્દ', કોલેરિઝનું 'ધ રાઈમ ઓફ ધ એન્સિઅન્ટ મરિનર' અને દાન્તેનું 'ધ ડીવાઈન કોમેડી'.

તેમને અનેક ચંદ્રકો, ઈનામો તથા સન્માન મળેલા છે, જેવાં કે, ૧૯૪૭માં કુમાર ચંદ્ર, ૧૯૫૬માં રણજીતરામ સુવર્ણ ચંદ્રક, ૧૯૬૪માં સાહિત્ય એકાદમી એવોર્ડ, ૧૯૬૮માં મહાકવિ નાનાલાલ ઈનામ, ૧૯૭૭માં નર્મદ ચંદ્રક, ૧૯૮૦માં ગુજરાત સાહિત્ય પરિષદ તરફથી અરવિંદ સુવર્ણ ચંદ્રક, ૧૯૮૫માં ભારતીય ભાષા પરિષદ ઈનામ, ૧૯૮૬માં ધનજી કાનજી સુવર્ણ ચંદ્રક, ૧૯૯૩માં ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી મૂર્ધન્ય સાહિત્યકાર સન્માન, ૧૯૯૪માં નરસિંહ મહેતા એવોર્ડ અને ૨૦૦૧માં ભારતીય સરકારનું સૌથી મૂલ્યવાન સાહિત્યીક પારિતોષિક 'જ્ઞાનપીઠ' મળ્યું. નિર્ણાયકોના મત પ્રમાણે તેમના કાવ્યો લોકપ્રિય ભક્તો કબીર અને નરસિંહ મહેતાના કાવ્યો સાથે સરખાવી શકાય તેવાં છે.

અલગારી અને ઋષિ કહી શકાય એવા કવિ ગાંધીજીના ચુસ્ત ભક્ત હતા. રાષ્ટ્રધ્વજનું સન્માન જાળવવા વતનના શહેર કપડવંજના ટાવર ઉપરથી કૂદકો મારી જાન જોખમમાં મૂક્યો હતો. સુંદરમ-ઉમાશંકર જોશીની હરોળના આ કવિએ જે રીતે ગુજરાતી ભાષાને ઉજ્જવળ બનાવી છે તે જોતાં તેમને ગુજરાતી ભાષાના ટાગોર કહી શકાય.

ભાઈ રે ! આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી વીતક વાતનો મચવીએ નહીં શોર,
આભ ઝરે ભલે આગ, હસિ હસિ ફૂલ ઝરે ગુલમહોર !



## વસંતોત્સવ

**-પ્રવીણ પટેલ 'શશી'**

૧૪ જાન્યુઆરીએ મકરસંક્રાંતિ હતી. મારા સાસુમા કહે, 'આજથી હર દી તસુ જેટલો વધવાનો, અને શિવરાત્રીએ તો એ શક્કરીયાં જેટલો લાંબો થઈ જવાનો.' શિયાળામાં ગાત્ર ધ્રુજાવે એવી ઠંડી, આપણને અહીં અમેરિકામાં આનો અનુભવ છે. તો, ઉનાળામાં આકળવિકળ કરી નાંખે એવી સખત ગરમી, આ આપણાં ભારત દેશનો સદાનો વર્તારો રહ્યો છે. આ બે વચ્ચે આવે રૂનઝૂમ કરતી વસંત, નહીં ઠંડી, નહીં ગરમી, મધ્યમ, માફકસરનું ખુશનુમા હવામાન. ક્યારેક તો કોયલની કૂક પણ સંભળાય ! કવિ કાલિદાસે વસંતને 'ઋતુરાજ' કહ્યો છે. વિકલ્પે 'ઋતુરાણી' કહો, તો પણ કશો ફરક ના પડે. ગીતામાં કૃષ્ણ પરમાત્માએ એને 'વિભૂતી' કહી. 'ઉડ ગયા પાલા, આયા વસંત લાલા', એવું ભજનમાં પણ વણાયું છે.

'ઋતુનામ કુસુમઆકાર', આ શબ્દ પ્રયોગ પ્રેમમીમાંસામાં થયો છે. અનંગ કહેતાં કામદેવ, વસંત લાવે છે, એવી પણ એક માન્યતા છે. ભલે માન્યતા હોય, પરંતુ, વાતમાં તથ્ય તો છે જ. જૂઓને, સૃષ્ટિ કેવી ખૂબસૂરત બનવા માંડે છે ? છોડ-ઝાડને કૂંપળો ફૂટે, નવપલ્લિતતા પાંગરવા માંડે, અને ધરતી પુનઃ લીલીછમ્મ્ થઈ જાય, જાણે ધાની ચૂંદડી ના પહેરી હોય ! કુદરત નિખરે, એનો તો સત્કાર જ હોય. વસંત વધામણી, એ આપણો વસંતોત્સવ છે. મહા સુદ પાંચમે આ મનાવાય છે. 'વસંતપંચમી' કે 'રંગપંચમી' તરીકે આ જગજાહેર છે. મારા માટે આ દી અવિસ્મરણિય છે, મારા માતુશ્રી વસંતપંચમીએ દેવલોક પામેલાં.

મારું માનવું છે કે આપણે સૌ નાસ્તિક નથી. આજનાં દિવસનાં માહત્મ્યથી સૌ વિદિત જ હશે. છતાં, એનો ઉલ્લેખ કરું તો, એ કદાચ અસ્થાને નથી. 'વસંતપંચમી', એ ધર્મ, ઋતુ અને સામાજીક મહત્વ ધરાવતો ઉત્સવ છે.

શિયાળુ ફસલ ઉતરે, ખેડૂઓમાં આનંદ છવાઈ જાય. આમ, વસંતને એ વધાવે. દક્ષિણ ભારતમાં આ ઉત્સવ 'પોંગોલ' તરીકે જાણીતો છે. પંજાબમાં રાઈના પાકની આ મોસમ છે. પીળાં પુષ્પોથી ખેત છવાઈ જાય, લોકો દેવી માતાને પીળાં કપડાં ધારણ કરાવે, અને ખુદ પણ ધારણ કરે. ક્યાં આ દેવી માતા ?

માતા સરસ્વતીનો આ જન્મ દિવસ છે. સરસ્વતી, જ્ઞાન અને શુદ્ધતાનું મૂર્ત સ્વરૂપ છે. સાહિત્યની રીતે 'સાર' અને 'સ્વ' મળી સરસ્વતી શબ્દ બન્યો છે. જે 'સ્વ'નો સાર સમજાવે તે 'સરસ્વતી'. એમનાં ચાર હસ્ત, અંતરના ચાર ખૂણા, ચિત્ત, બુદ્ધિ, માનસ અને અહંકારની સંજ્ઞા છે. અંતરના ચાર ખૂણા મધ્યે 'સ્વ' અને એનું 'રૂપ' પરમ તત્ત્વમાં જોવું, એ ઉપનિષદી સાર, સરસ્વતી સ્વરૂપમાં છે. એ આદર્શ ગુરુ મનાયાં છે. આદર્શ ગુરુ એ જે જ્ઞાન આપે અને અંધકાર દૂર કરે. હાથમાંનું પુસ્તક અને વીણાનો, ગૂઢ અર્થ છે. પુસ્તકો વાંચી, શાસ્ત્રો સમજી, જે જ્ઞાન પ્રાપ્ત થાય, એના થકી જીવન સંગીત છેડવું, તથા આનંદ અનુભવતાં ઈતરજનો સાથે હળીમળીને રહેવું, અને વસુધાને એક કુટુંબ બનાવવું, એ મા સરસ્વતીનો સમજ સંદેશ છે. આંતરિક જ્ઞાન અને બાહ્ય જ્ઞાન થકી મોક્ષની પ્રાપ્તિ, એ મા સરસ્વતીની સહી આરાધના.

વસંતપંચમીના દિવસે સરસ્વતીમાતાને પીળાં પોશાક અને આભૂષણોથી સજાવવામાં આવે છે, અને કેસરયુક્ત મીઠાઈના ભોગ ધરાવવામાં આવે છે. માજી આગળ પેન, પેન્સિલ, પુસ્તકો, આદિની સજાવટ કરવામાં આવે છે. વિદ્યાનાં આ દેવીનાં સ્કૂલો-કોલેજોમાં આરાધના થાય છે. બાળકોને આ દિવસે ભણવાં મૂકાય છે, તો ભણતાંને કંઈક નવું શીખવવાનો આગ્રહ સેવાય છે. પંડિત મદન મોહન માલવિયાએ આ દિવસે કાશી હિન્દુ વિદ્યાલયની સ્થાપના કરી હતી, અને આજે વિશ્વની ગણનાપાત્ર કેળવણીની સંસ્થાઓમાં એનું માનભર્યું સ્થાન છે. વિવેક, સદ્‌બુદ્ધિ ને સદ્‌વર્તન માટે આપણે માજીની કૃપા યાચીએ.

કુદરતની મહેર તો ખોરાકપાણીની નહીં કોઈ તંગી. પરંતુ, આ કાજે માટી, પાણી ને પ્રકાશ તો જોઈએ. કુદરતની ઋણચૂક્તિ માટે પણ આ દિવસ મુકરર થયો છે. આ કાજે સૂર્ય, ગંગા અને ધરતીનાં પૂજન કરવામાં આવે છે.

પ્રેમ છે, તો સંસાર છે. પ્રેમના આરાધ્ય દેવ, તે કામદેવ. શ્રી શિવજીબાબાની સમાધિભંગ કાજે એમણે પુષ્પધન્વાનો ઉપયોગ કરેલો, અને રંગ-બે-રંગી પુષ્પોમંડિત વસંત ખડી કરેલી. પ્રેમ, પણ પુષ્પ જેવો મુલાયમ જ છે ને ? આજે કામદેવની પણ પૂજા થાય છે. આપણી 'વસંતપંચમી' જેવો વિદેશમાં 'વેલેન્ટાઈન ડે' છે. પ્રેમ કરો, ભાવભીનાં બનો, અને ભાતૃભાવ બઢાવો, આટલું તો આપણે કરી જ શકીએ. પ્રેમમાં ન્યોચ્છાવરી હોય, આમાં હિસાબકિતાબ ગોઠવાય તો, એ પછી પ્રેમ જ નહીં !

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજના દિવસનું અનેરું મહત્વ છે. શ્રી સહજાનંદ સ્વામીએ નીતિનિયમની આચારસંહિતા સ્વરૂપ 'શિક્ષાપત્રી' આ દિવસે લખી હતી. વળી, બ્રહ્માનંદ સ્વામી અને શાસ્ત્રી મહારાજનો આ જન્મદિવસ પણ ખરો.

વસંતપંચમીએ બ્રાહ્મણોને તૃપ્ત કરવાનો રિવાજ ભારતના કેટલાક પ્રાંતોમાં અત્યારે પણ છે. ઠીક આમ, પૂર્વજો માટે પ્રીતિતર્પણ કરવાનું પણ પ્રચલિત છે.

કાલિદાસથી માંડી અમીર ખુશ્રો, ટાગોરથી માંડી ને આજ પર્યંત, કવિઓ વસંતના ચાહક રહ્યા છે. આ સંદર્ભે અસંખ્ય કાવ્યરચનાઓ સંપન્ન થાય છે. અમીર ખુશ્રો ફરમાવે છે કે વસંત એક એવો સમય જ્યારે કુદરત પીળા વાઘા સજે છે, અને પુરુષ પ્રેમિકાનું મિલન ઝંખે છે. મિરઝા ગાલિબ તો ત્યાં સુધી કહે છે. વસંત એવી મદોન્મત બની આવે છે કે સૂર્ય ને ચંદ્રને પછી કેવળ પ્રેક્ષક જ બની જવું પડે છે ! ટાગોર માટે આ ઉત્સવ જ નહીં, પણ સમાજ સમન્વયનું જોડાણ હતું. મહારાજા રણજીત સીંગે 'બસંતી રેજિમેન્ટ' બનાવેલી. જેમાં સર્વ ધર્મ ને સર્વ જાતીનો સુમેળી સમન્વય હતો. વસંતે તો સ્વાતંત્ર સંગ્રામમાં પણ કમાલ કરેલી, ક્રાંતિકારો 'રંગ દે બસંતી ચોળા' પહેરી સરફરોશીનાં ગીતો ગાતાં. 'વસંત' નિમિત્તે મેળાનું આયોજન થાય છે, લોકો એકબીજા પર ગુલાલ ઉડાડે, અરસપરસ ભેટે, અને શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરે.

બહાદુરશાહ જફરના સમયમાં વિવિધ દર્ગાઓ ઉપર સાત દિવસ સુધી વસંતની ઉજવણી થતી. કહેવાય છે કે રંગ અને રોશનીથી આકાશ ત્યારે સુવર્ણી બની જતું. આપણે જ વસંતપંચમી મનાવીએ છીએ એવું રખે માનતા. પાકિસ્તાનમાં આ દિવસે પતંગો ચગાવાય છે અને મજા લૂંટાય છે. 'જશ્ને બહારાં', એ વસંતનું ત્યાંનું નામ.

ભત્રીજાના મૃત્યુ બાદ હઝરત નિઝામુદીન ઓલિયા ગમમાં ડૂબી ગયા હતા. ત્યારે, અમીર ખુશ્રોએ 'બસંત બહાર' રાગ ગાઈ એમને ખુશ કર્યા હતા. 'બસંત બહાર' ફિલ્મ પણ બનેલી. 'બસંત મુખરી' પણ એક અનન્ય રાગ છે. ફિલ્મોમાં તો વસંતનો આગવો મહિમા છે. મોજ-મજા, ગાવું-નાચવું, આનંદ-ઉન્મેષ, આ વાસંતીમાહોલ વસંત ના હોય તો પણ અચૂક ફિલ્મમાં આવે. ઝૂમ બરાબર ઝૂમ, આનંદમાં બસ નાચ્યા જ કર !

વસંતપંચમીના મહિમાની મેં વાત કરી. વસંત એટલે નવજીવન, ઉત્સાહનો ઓચ્છવ. પરંતુ, આનંદ-ઉત્સાહ તો ખુદે જ પ્રગટાવવો રહ્યો. તન અને મન, સાબૂત ને તાજાંમાજાં, તો પછી આનંદ જ આનંદ. આજના દિવસે આપણે સૌ આનંદના આવિષ્કારનો સંકલ્પ અચૂક કરીએ. આશા, ઉમંગ ને હાસ્ય, પ્રગટાવવાં અને વહેંચતાં રહેવાં, રાજી રહેવું અને બીજાંને રાજી રાખવાં. આપ સૌનું જીવન આનંદમયી બની રહે, એવી મારી આપ સૌને શુભેચ્છાઓ છે. Welcome SPRING, **સ્વાગતમ્ વસંત**.

⌘ ⌘ ⌘ ⌘

**મૌનનો કલરવ** **(અનુસંધાન પાના ૫ પરથી )**

ઋષિમુનિઓ પણ મૌનનો મહિમા ગાય છે. કારણ કે ધ્યાનનું બીજ પુલકિત કરવા માટે પણ મૌન રહેવું જરૂરી છે. રોજ રોજ બોલતાં ને કચવાટ કરતાં આપણે એક 'કંઈક નવું' તરીકે કે રોજને રોજ એકનું એક ખાતાં હોસ્ટેલના વિદ્યાર્થીઓને રવિવારે મળતા મિષ્ટાન્ન તરીકે દિવસ દરમિયાન માત્ર દસ મિનિટનું પણ મૌન રાખીએ તો જીવન સાર્થક થઈ જાય.

દિવસભર આકાશમાં ઊડતા રહીને સાંજે પોતાના આશ્રયસ્થાનમાં પાછા ફરતા પક્ષીઓની પાંખમાં જરા પણ થાક વરતાતો નથી. એક સાથે કલરવનું સમૂહગાન કરીને એ સંદેશો આપી રહ્યા છે, 'હવે અમે જઈએ છીએ ગાઢ મૌનમાં !' થોડીક્ષણોમાં જ તે પંખીઓ જંપી જાય છે.

આ જ છે 'મૌનનો કલરવ' !

**(સાભારઃ 'મૌનનો કલરવ'માંથી)**

## આપણાં શાકભાજી

દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી

### કોલીફ્લાવર, ફૂલકોબી, ગોબી

કોલીફ્લાવર પૂર્વ યુરોપની ઠંડી આબોહવામાં પંદરમી સદીમાં પ્રથમ માણસોના ઉપયોગમાં આવ્યું. તે પચીસ ઉપરાંત પ્રકારનું થાય છે. કોલીફ્લાવર આછા પીળા, ઘેરા પીળા, નારંગી, લીલું, જાંબલી, ભૂરું, તેમ અનેક પ્રકારના રંગનું થાય છે. આકારમાં પણ લગભગ ગોળ ઉપરાંત શંકુ આકારનું પણ થાય છે. ઠંડી આબોહવામાં તે સારું ફાલે છે એટલે ભારતમાં શિયાળાની ઋતુમાં તે પુષ્કળ ઊગે છે. ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં તે 'ગ્લાસ હાઉસ' માં પણ ઊગાડવામાં આવે છે એટલે બારે માસ મળે છે.

બીજા બધા શાકભાજીની સરખામણીમાં કોલીફ્લાવર ભારત માટે નવું શાક ગણાય. લગભગ અઢારમી સદીમાં તે પ્રથમ ઉત્તર ભારતમાં ઊગાડવામાં આવ્યું હશે. શરૂઆતમાં ઘેરા પીળા રંગનું ઊગાડવામાં આવતું પણ ગરમ આબોહવાને કારણે પીળો રંગ ઝાંખો પડવા લાગ્યો હશે એટલે હવે આછા પીળા રંગનું કે લગભગ સફેદ જેવું જોવા મળે છે. પણ રંગ ઓછો થવા સાથે તેમાંના તત્ત્વો પણ ઓછા થતા જાય છે.



ઘેરા પીળા કે નારંગી રંગના કોલીફ્લાવરમાં સફેદ કોલીફ્લાવર કરતાં પચીસ ગણું વધારે વિટામીન 'એ' હોય છે. આ પ્રકારના કોલીફ્લાવર કેનેડામાં વધારે ઊગાડવામાં આવે છે.

લીલા રંગનું કોલીફ્લાવર આમ તો બ્રોકલી જેવું જ દેખાય છે એટલે તેને 'બ્રોકોફ્લાવર' કે 'બ્રોકલીફ્લાવર' પણ કહેવામાં આવે છે. અમેરિકા તથા યુરોપમાં તે છેલ્લા બે દાયકાથી ઘણું મળે છે. સફેદ રંગના કોલીફ્લાવરની સરખામણીમાં લીલા રંગમાં કેન્સર વિરોધી તત્ત્વ વધારે પ્રમાણમાં છે.



આરોગ્યની દૃષ્ટિએ જાંબલી રંગનું કોલીફ્લાવર સૌથી ઉત્તમ ગણાય કારણ તેમાં કોલીફ્લવારના બીજા બધા તત્ત્વો ઉપરાંત 'એન્થોસિઆનીન' નામનું એન્ટીઓક્સીડન્ટ તત્ત્વ પણ છે જે તંદુરસ્તી માટે બહુ ઉપયોગી ગણાય છે. પણ તે બહુ જોવા મળતું નથી.



બઝારમાં સાધારણતઃ સ્નો ક્રાઉન કે સ્નો વ્હાઈટ પ્રકારના કોલીફ્લાવર મળે છે. એટલે આપણે તેને ફક્ત કોલીફ્લાવર જ કહીએ છીએ. પણ તેના પ્રકાર પ્રમાણે તેના નામો અંગ્રેજીમાં છે, જેવા કે - હાઈબ્રીડ વ્હાઈટ, સુપર સ્નોબોલ, સ્નો ક્રાઉન, સ્નો વ્હાઈટ, સ્નો ગ્રેસ, મેફ્લાવર, મરમન, અગ્રહાની, પૌશી, માઘી, વગેરે. કોલીફ્લાવર વિષેની સંપૂર્ણ માહિતી અને તેના નામોનું લીસ્ટ અમેરિકાની 'નોર્થ કેરોલીના સ્ટેટ યુનિવર્સિટી'ના સંશોધન વિભાગમાં રાખવામાં આવેલ છે.

### કોલીફ્લાવરમાંના તત્વો - દર ૧૦૦ ગ્રામમાં

| | |
|---|---|
| શક્તિ | ૧03 કીલોજાલ, |
| કાર્બોહાઈડ્રેડ | ૫ ગ્રામ, |
| સર્કરા | ૨.૫ ગ્રામ, |
| ફાયબર | ૨.૫ ગ્રામ, |
| વિટામીન સી - | ૪૬ મીલીગ્રામ, |
| કેલ્સિયમ - | ૨૨ મીલીગ્રામ, |
| મેગ્નેસિયમ - | ૧૫ મીલીગ્રામ, |
| પોટાસિયમ - | ૪૪ મીલીગ્રામ, |
| ફોસ્ફરસ - | 300 મીલીગ્રામ. |

તે ઉપરાંત તેમાં થીઆમાઈન, રિબોફ્લાવીન, નીઆસીન, પેન્ટોથેનીક, વિટામીન બી૬, ફોલેટ, લોહ અને ઝીંક પણ વત્તાઓછા પ્રમાણમાં છે.

કોલીફ્લાવર પચવામાં સરળ છે એટલે તે બીલકુલ કાચું સેલાડ તરીકે પણ ખાઈ શકાય છે. વરાળે બાફવાથી કે સેકવાથી તે તરત ફૂણું થઈ જાય છે અને ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે. જેમ ઓછું રંધાય તેમ તેમાંના વિટામીન જળવાઈ રહે. એટલે તે અધકચરું જ રાંધવું જોઈએ. કોલીફ્લાવર શિયાળુ પાક હોવાથી ભારતમાં તે ઉનાળામાં ખાસ ઊગાડવામાં આવતું નથી અને ઉત્તર ભારતમાં ઉનાળામાં જે મળે છે તે જરા બેસ્વાદ હોય છે. ચોમાસાની ઋતુમાં તેમાં ઝીણી જીવાત કે ઈયળ હોવાની શક્યતા હોય છે એટલે તે બરાબર સાફ કરીને ખાવાના ઉપયોગમાં લેવું.

કોલીફ્લાવર પચવામાં સરળ હોવા ઉપરાંત તેમાંના કેન્સર વિરોધી તત્ત્વ માટે તે બ્રોકલી અને કોબી પછી ત્રીજા નંબરે આવે છે એટલે આરોગ્ય માટે ઘણું સારું છે. સંધિવા, અજીર્ણ, પાંડુરંગ વગેરે દર્દીમાં તે ફાયદાકારક છે. તે પિત્તનાશક છે એટલે પિત્તની ફરિયાદવાળા લોકોએ તે ખાસ ખાવું જોઈએ અને અજીર્ણને દૂર કરી ભૂખ લગાડે છે. આહારમાં નિયમિત લેવાથી તે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં ફૂલકોબી વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

**પચે એટલું જ જમો તો અપચો નહીં થાય !**



### मेघदूतम् (संपादकः डो.गौतम पटेल)

अेभिः साधो हृदयनिहतैर्लक्षणैर्लक्षयेथा
द्वारोपान्ते लिखितवपुषौ शंखपद्मौ च दृष्टवा ।
क्षामच्छायं भवनमधुना मद्वियोगेन नूनं
सूर्यापाये न खलू कमलं पुष्यति स्वामभिख्याम् ॥ ८५ ॥
गत्वा सध्यः कलभतनुतां शीघ्रसम्पातहेतोः
क्रीडाशैले प्रथमकथिते रम्यसानी निषण्णः ।
अर्हस्यन्तर्भवनपतितां कर्तुमल्पाल्पभासं
खद्योतालीविलसितनिभां विदयुदुन्मेषदृी षटम् ॥ ८६ ॥

### મેઘદૂત (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

આ સૌ ધારી સુજન ! હૃદયે લક્ષણો, જાણજે તું,
સાખે દોર્યાં નજરે પડતાં શંખ ને પદ્મ દ્વારે,
નક્કી ઝાંખા, મુજ ભવનને, હાલ મારા વિયોગે,
પોષે શોભા કમલ નિજની ના કદી સૂરજ જાતાં. (૮૫)
અંગે નાના ગજસમ બની શીઘ્ર નીચે જવાને
ક્રીડાશૈલે પ્રથમ કથિયા, રમ્ય શૃંગે જ બેસી
જોવું તારે ઉચિત, ભવને વીજની દૃષ્ટિ નાંખી
ખદ્યોતોના વિલસન સમી, ખૂબ ઝાંખી પ્રકાશે. (૮૬)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

### Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)

O wise one, with these signs, treasured in your heart, you should be able to locate my house on seeing a Shankha and a Padma painted on either side of the door, now indeed dimmed in lustre because of my seperation. Truly on the setting of the sun the lotus does not maintain it beauty. (85)

Pearched on the fair summit of the pleasure mount, already indicated earlier, assuming the form of a young elephant cub to descend quickly, cast, in the interior of my house, your lightening wt tineist gleams resembling the beauty of a row of fire flies. (86)

(To be continued: Two verses will be published in every issue.)